# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ટેકનોલોજી વીકની ઉજવણી

ૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે તારીખ ૮ થી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન ટેકનોલોજી વીકની ઉજવણી કરવામાં આવેલ જેમાં ૯૦ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. પ્રથમ દિવસે જીલ્લામાં ખેડૂતોના સીધા સંપર્કમાં રહીને કામ કરતા આત્મા પ્રોજેક્ટના એરીયા ટેકનોલોજી મેનેજર તથા બ્લોક ટેકનોલોજી મેનેજરને આગામી ઉનાળુ પાકોની અધ્યતન ખેતી પદ્ધતિ અંગેની તાલીમ આપવામાં આવેલ. બીજા દિવસે, આંતરરાષ્ટ્રીય કઠોળ વર્ષની ઉજવણી અન્વયે જિલ્લામાં આપવામાં આવનાર કઠોળ પાક મગની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા ઉનાળુ મગમાં સીડ પ્રોડક્શન ટેકનોલોજી અંગેની તાલીમ શ્રીવાય.સી.લકુમે (વિષય નિષ્ણાંત, એગ્રોનોમી) આપેલ જેમાં કેવીકેના પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડૉ.જી.જી.પટેલે કઠોળ પાકોનું મહત્વ અને તેની આહારમાં અગત્યતા વિશે માહિતી આપી હતી બીજા દિવસે મગની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ તથા ઉનાળુ મગમાં સીડ પ્રોડક્શન ટેકનોલોજી અંગેની તાલીમ આપી હતી.

ત્રીજા દિવસે જમીનની ચકાસણી, ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ અને જમીનની ફળદ્રુપતા જાળવવા માટેખેતીમાં સૂક્ષ્મતત્વોના ઉપયોગ અંગેની સમજ તથા તાલીમ ડૉ.એ.યુ.મિશ્રાએ (વિષય નિષ્ણાંત, જમીન વિજ્ઞાન) આપી હતી. ટેકનોલોજી વીકના ચોથા દિવસે શ્રીમતી એ.બી.પરમારે (વિષય નિષ્ણાંત,બાગાયત) શાકભાજી પાકોમાં પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી વિશે તાલીમ આપી હતી તથા છેલ્લા દિવસે આ ઉજવણી અંતર્ગત ખેડૂતોને ખાનપુરા ગામ ખાતે પ્રગતિશીલ ખેડૂતના ખેતરે એક્સ્પોઝર વિઝીટનું આયોજન કરેલ હતું આમ કેવીકેના સર્વે અધિકારી/કર્મચારીઓએ મળીને કેવીકે દેવાતજ ખાતે ટેકનોલોજી વીકની સફળતાપૂર્વક ઉજવણી કરેલ હતી








કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
કેન્દ્રીય તાલીમ કાર્યક્રમ




કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
કેન્દ્રીય તાલીમ કાર્યક્રમ